


# આજે જિલ્લાની પાંચ બેઠકો માટે મતદાન


## જિલ્લામાં ૧૧૫૦ મતદાન મથકો પર ૬૪૦૫ કર્મચારીઓ ચૂંટણી ફરજ બજાવશે : ૧૫૦ મતદાન મથકો પર મહિલાઓ કરતાં પુરૂષ મતદારો વધુ છે











| ગાંધીનગર ઉત્તર | દહેગામ | માણસા | કલોલ | ગાંધીનગર દક્ષિણ |
|---|---|---|---|---|
| મતદાન મથક-૨૧૬ | મતદાન મથક-૨૨૦ | મતદાન મથક-૨૨૬ | મતદાન મથક-૨૦૪ | મતદાન મથક-૨૮૪ |
| ગ્રામ્ય વિસ્તારના મતદાન મથક-૬૫ | ગ્રામ્ય વિસ્તારના મતદાન મથક-૧૮૯ | ગ્રામ્ય વિસ્તારના મતદાન મથક-૨૦૫ | ગ્રામ્ય વિસ્તારના મતદાન મથક-૧૨૪ | ગ્રામ્ય વિસ્તારના મતદાન મથક-૧૯૬ |
| શહેરી વિસ્તારના મતદાન મથક-૧૫૧ | શહેરી વિસ્તારના મતદાન મથક-૩૧ | શહેરી વિસ્તારના મતદાન મથક-૨૧ | શહેરી વિસ્તારના મતદાન મથક-૮૦ | શહેરી વિસ્તારના મતદાન મથક-૮૮ |
| મતદારો - કુલ - ૨,૦૩,૭૮૨ | મતદારો - કુલ - ૧,૭૪,૧૧૩ | મતદારો - કુલ - ૧,૯૨,૫૦૩ | મતદારો - કુલ - ૧,૮૭,૨૧૨ | મતદારો - કુલ - ૨,૪૧,૭૬૫ |
| પુરૂષ - ૧,૦૫,૮૮૩ | પુરૂષ - ૮૯,૮૮૬ | પુરૂષ - ૯૯,૧૦૪ | પુરૂષ - ૯૭,૨૪૨ | પુરૂષ - ૧,૨૪,૯૭૮ |
| સ્ત્રી - ૯૮,૮૯૯ | સ્ત્રી - ૮૪,૨૨૭ | સ્ત્રી - ૯૩,૩૯૯ | સ્ત્રી - ૮૯,૯૭૦ | સ્ત્રી - ૧,૧૬,૭૮૭ |
| ઉમેદવારો - આઠ | ઉમેદવારો - સાત | ઉમેદવારો - સાત | ઉમેદવારો - ચૌદ | ઉમેદવારો - સાત |
| મત વિસ્તારનું ક્ષેત્રફળ ૨૦૩ ચો.કિ.મી. | મત વિસ્તારનું ક્ષેત્રફળ ૫૯૧ ચો.કિ.મી. | મત વિસ્તારનું ક્ષેત્રફળ ૪૭૨ ચો.કિ.મી. | મત વિસ્તારનું ક્ષેત્રફળ ૩૬૯ ચો.કિ.મી. | મત વિસ્તારનું ક્ષેત્રફળ ૪૮૪ ચો.કિ.મી. |

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે આજે મતદાન યોજાશે. નવા સીમાંકનમાં જિલ્લામાં એક બેઠકનો વધારો થતાં પરિણામ બાદ જિલ્લાના રાજકીય સમીકરણોનો નવો માહોલ જામશે તેમ રાજકીય વર્તુળોનું માનવું છે.

જિલ્લામાં આજે યોજાનાર મતદાન માટે સલામતિ દળના જવાનો સહિત ૧૨ હજાર જેટલા કર્મચારીઓ ૧૧૫૦ મતદાન મથકો પર તેમની ફરજ બજાવશે. જેમાં ૬૪૦૫ જેટલા પોલીંગ કર્મચારીઓ હશે અને આટલી જ સંખ્યામાં સુરક્ષા કર્મીઓ હશે.

જિલ્લાની પાંચ બેઠક પર ૪૩ ઉમેદવારો વચ્ચે આજે જંગ ખેલાશે જેમાં સૌથી વધુ ઉમેદવારો કલોલ વિધાનસભા બેઠક પર નોંધાયેલા છે.

જિલ્લામાં ૧૧૫૦ મતદાન મથકો ૬૧૮ બિલ્ડીંગોમાં ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ૩૭૧ પોલીંગ સ્ટેશનો શહેરી વિસ્તારમાં છે તો ૭૭૯ પોલીંગ સ્ટેશનો ગ્રામ્ય વિસ્તારના છે. શહેરી વિસ્તારમાં ૧૪૮ બિલ્ડીંગોમાં મતદાન મથક છે જયારે ૪૭૦ બિલ્ડીંગો ગ્રામ્ય વિસ્તારમાં છે જયાં મતદાન મથકો છે.

જિલ્લામાં સૌથી ઓછા મતદારો મતદાન મથક દીઠ ગાંધીનગર ઉત્તરમાં છે. સે-૯માં આ મતદાન મથક છે જયાં ૧૦૪ મતદારો છે. જિલ્લામાં નોંધાયેલા ૯,૯૯,૩૭૫ મતદારો પૈકી સૌથી વધુ મતદારો ગાંધીનગર દક્ષિણમાં છે જયાં ૨,૪૧,૭૬૫ મતદારો છે જયારે સૌથી ઓછા મતદારો દહેગામ મતવિસ્તારમાં છે જયાં મતદારોની સંખ્યા ૧,૭૪,૧૧૩ મતદારો છે.

જિલ્લામાં ૧૫૦ મતદાન મથકો એવા છે જયાં મહિલા મતદારો કરતાં પુરુષ મતદારોની સંખ્યા વધુ છે. જયારે ૧૦ જેટલા મતદાન મથકો એવા છે જયાં પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા સરખે સરખી છે.

આજે મતદાનની પ્રક્રિયાના વિડીયો શુટીંગ માટે ૪૧૭ વિડીયોગ્રાફર ગોઠવવામાં આવ્યા છે. આજે યોજાનાર મતદાન માટે ૨૧૭ જેટલા વાહનો દ્વારા પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવનાર છે.

આજે મતદાન સવારે ૮ થી સાંચે પાંચ દરમિયાન યોજાશે. આ પછી જે તે વિધાનસભા મતવિસ્તારના મુખ્યમથક પર મતપેટીઓ લાવવામાં આવશે અને ત્યારબાદ આ મતપેટીઓ મતગણતરી કેન્દ્ર ખાતેના સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવાશે.

## ૨૪૨ મતદાન મથકો પર વીડીયોગ્રાફી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ૨૪૨ મતદાન મથકો પર મતદાનની સંપૂર્ણ પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરવામાં આવશે. જ્યારે ૨૭ મતદાન મથકો પર સી.સી. કેમેરા ટી.વી.ની મદદથી મતદાનની સંપૂર્ણ પ્રક્રિયાનું વેબકાષ્ટ કરવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે મતદાનની કામગીરી માટે તંત્રએ તેની તૈયારીઓ પુરી કરી લીધી છે અને આ માટેના કર્મચારીઓ પણ તેમની ફરજના સ્થળે તૈનાત થઈ ચુક્યા છે.

શ્રી સ્વરૂપે જણાવ્યુ હતુ કે ૯૫ ટકા મતદારોને મતદાર સ્લીપનું વિતરણ કરી દેવામાં આવ્યું છે અને આજે સાંજ સુધીમાં તમામ મતદારોને આ વિતરણ કરી દેવામાં આવશે. મતદારો માટે મતદાન મથક પર હેલ્પડેસ્ક પણ મુકવામાં આવનાર છે.

તેમણે કહ્યું હતું કે આ ચૂંટણી માટે નિમાયેલા નિરીક્ષકો પણ જે તે મતવિસ્તારમાં સતત ફરતા રહેશે ઉપરાંત ૧૭૫ જેટલા માઈક્રો ઓબ્ઝર્વર પણ પરિસ્થિતિ પર સતત નજર રાખશે.

કલેક્ટરશ્રી સ્વરૂપે જણાવ્યુ હતુ કે આચારસંહિતા ભંગની ૬૪ ફરિયાદો મળી છે જેમાં એક કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં નિષ્પક્ષ મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા માટે તંત્ર કટિબદ્ધ છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧૨૬ જેટલા સેક્ટરલ સુપરવાઈઝર તેમની સાથે જ એક ઈ.વી.એમ. રાખશે. જેથી ક્યાંય પણ મશીન ખોટકાય તો તરત જ તે બદલી નાખવામાં આવશે. મશીન દુરસ્તી માટે ૪ એન્જીનીયરોની ટીમ પણ જિલ્લા વડામથક ખાતે હાજર રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણીનું મતદાન આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. આ મતદાન શાંતિપૂર્ણ માહોલમાં તેમજ મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણીમાં ચવાતું અને ચર્ચાતું ચટપટું ચવાણું ચૉરે-ચૉરે ચવાયું

### શું ચવાણાનું પૅકેટ મતદારોનો મત બદલશે !

ગાંધીનગર, તા. ૧૬

વર્ષોથી લોકશાહીના પર્વ સમા ચૂંટણીમાં ચર્ચાતુ અને ચવાતુ ચટપટુ 'ચવાણુ' આખરે બન્ને પક્ષોએ ગામોમાં ઘરે ઘરે પહોંચાડી મતદારોને રીઝવવા એડીચોટીનો જોર લગાવી રહ્યા છે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ગામો આવે છે. જ્યાં ગામડાઓના મતદારો ઘણી વખત આખુ ચિત્ર બદલી નાખવામાં કિંગ મેકર સાબિત થાય છે. ત્યારે આ મતદારોને નારાજ ન કરી શકાય તેમ બધા પક્ષોના ઉમેદવારોને ખબર છે. આથી જ્યારે ચૂંટણી તેના અંતિમ તબક્કામાં પહોંચી છે ત્યારે ગાંધીનગર ઉત્તર બેઠકના કોંગ્રેસ અને ભાજપ એમ બન્ને પક્ષોના ઉમેદવારોએ હજારો કિલો ચવાણા અને મીઠાઈના પેકેટ ઘેર ઘેર વહેંચી મતદારોને ખુશ કરવાનો પ્રયાસ કર્યો છે. ભાજપે વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ તમામ ગામોમાં ઘર દીઠ ૫૦૦ ગ્રામ ચવાણુ વહેંચી દીધુ છે. તો કોંગ્રેસ પણ ભાજપ કરતા બે ગણુ એટલે ઘર દીઠ ૧ કિલો ૫૦૦ ગ્રામ ચવાણુ વહેંચી રહી છે. કેટલાક ખાસ મતદારો તો મીઠાઈ સહિતના પેકેટ પણ રાજકીય પક્ષો આપી રહ્યા છે. આજની હાઈટેક ચૂંટણી અને એમાય હાઈટેક નાસ્તાની વચ્ચે આજે પણ એ ચટપટા ચવાણુંનું મહત્વ અને સ્વાદ હજુ ભુલાતુ નથી.

## સંવેદના વિનાની ભાજપ સરકારને દૂર કરો : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની મધ્ય અને ઉત્તર ગુજરાતની ચૂંટણીમાં મોટાપાયે કોંગ્રેસ તરફી મતદાન કરવા પ્રજાલક્ષી અપીલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસબા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને કોંગ્રેસ પ્રચાર અભિયાન સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાગેલાએ જણાવ્યું હતું કે, સંવેદનના વગરની અને સામાન્ય - મધ્યમ વર્ગને અન્યાય કરનાર ભાજપ સરકારને સત્તા સ્થાનેથી દૂર કરવા લોકશાહીના આ મહાપર્વમાં મતદાનમાં મોટી સંખ્યામાં સૌ મતદાતાઓ જોડાય તે માટે અપીલ કરી છે.

રાજ્યમાં મહિલાઓ માટે ઘરનું ઘર, વિદ્યાર્થીઓ માટે શિક્ષણનો અધિકાર, શિક્ષિત બેરોજગારને માન-સન્માન સાથે રોજગારી, ઝડપી અને સસ્તી આરોગ્ય સેવા, ખેડૂતોને સિંચાઈનું પાણી, ખાતર ઉપર વેટની સંપૂર્ણ નાબૂદી, પીવાનું પાણી, પેટ્રોલ-ડીઝલ અને સીએનજીમાં વેટમાં ઘટાડો, કર્મચારીઓને સરકારી તમામ લાભો, ફીક્સ વેતનના કર્મચારીને પૂરતો પગાર, સલામતિ, આદિવાસીઓને અધિકાર, માછીમારના હક્કો આપવા, અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને તેમના હક્ક આપવા તથા દલિતો, લઘુમતિઓ અને બક્ષીપંચ માટે કલ્યાણકારી યોજનાઓને ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ અંતર્ગત આવરી લઈને પ્રજાલક્ષી વહીવટ આપવાનો નિર્ધાર કોંગ્રેસ પક્ષે વ્યક્ત કર્યો છે.

## હું આજીવન કોંગ્રેસ સાથે જ રહેવાની છું : તુલિકા

અમદાવાદ, તા. ૧૬

હું છેલ્લા ૧૦ વર્ષથી કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયેલી છું અને આજીવન કોંગ્રેસ સાથે જ રહેવાની છું. ગુજરાતના લોકોની સમસ્યાઓને ઉજાગર કરી છે અને લોકોનો અવાજ રજુ કર્યો છે પણ મારા વિશે ખોટો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. સોશ્યલ નેટવર્કના માધ્યમથી મારા વિશે ખોટી વાતો ફેલાવવામાં આવી રહી છે. તે ગુજરાતની દીકરીનું અપમાન છે.

તમામ મતદારોને કોંગ્રેસ તરફી મતદાન કરવા વિનંતી કરવું તેમ ટીવી સ્ટાર અને કોંગ્રેસની એડ. કેમ્પેનર તુલીકા પટેલે પત્રકારોને જણાવ્યું હતું. તુલીકાએ કહ્યુ હતું કે, હું વડોદરામાં રહું છું. કોંગ્રેસ માટે કામ કરવાની ઈચ્છા હતી. કોંગ્રેસે મને એ તક આપી હતી. મારા વિશે ખોટો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. પત્રિકાઓ છપાવીને મને બદનામ કરવામાં આવી છે પણ ગુજરાતના લોકો પર મને ભરોસો છે. મુખ્યમંત્રી મારા દાદાની ઉંમરના છે. હું તેમને સન્માનથી જોઉં છું. પણ તેમના તરફથી પણ સન્માનની અપેક્ષા રાખું છું.